For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

અમુરી લોકુલા ચાર દિવસ સેલવાસ અને દમણમાં રોકાયા હતા

# ગુજરાતમાં ઈબોલાનો શંકાસ્પદ કેસ મળ્યો

**કોંગોથી** આવેલી વ્યક્તિને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો

ગાંધીનગર : ગુજરાતમાં ઈબોલા જેવા ચેપજન્ય રોગનો શંકાસ્પદ કેસ સામે આવતા આરોગ્ય તંત્ર સતર્ક બન્યું છે. કોંગોથી ભારત આવેલા 37 વર્ષીય અમુરી લોકુલા નામના વ્યક્તિને તાવ અને બીમારીની ફરિયાદ બાદ વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. જોકે પ્રાથમિક લેબોરેટરી તપાસમાં ઈબોલા પોઝિટિવ આવ્યો નથી.

અમુરી લોકુલા અંદાજે 10 દિવસ પહેલાં કોંગોથી મુંબઈ આવ્યા હતા. મુંબઈમાં પાંચ દિવસ રોકાયા બાદ તેઓ સિલ્વાસા અને દમણ વિસ્તારમાં લગભગ ચાર દિવસ રહ્યા હતા. ત્યારબાદ 22 મેના રોજ વડોદરા પહોંચ્યા હતા.

આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ દર્દીને છેલ્લા છ દિવસથી તાવ અને અન્ય લક્ષણો જોવા મળતા 26 મેના રોજ વડોદરાની બેન્કર્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બાદમાં વાયનલ હેમોરેજિક ફીવર જેવા ચેપજન્ય રોગની શંકાને પગલે તેમને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે, જ્યાં તેમને ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યા છે.



### દર્દીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો નથી : પ્રફુલ્લ પાનશેરિયા

રાજયના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું હતું કે અમુરી લોકુલા બિઝનેશ કામે ગુજરાત આવ્યા હતા. હાલમાં તેને અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં રાખવામાં આવ્યા છે. તેમની સાથે ત્રણને અમદાવાદની એસવીપી હોસ્પિટલમાં આઈસેલેટ કરીને સારવાર ચાલી રહી છે. આ કેસમાં ઈબોલા વાયરસની પુષ્ટિ થઈ નથી, અલબત્ત, રાજય સરકાર દ્વારા અગમચેતીના કારણોસર તબીબોની ટીમ કામગીરી કરી રહી છે, તેમના બ્લડ સેમ્પલ પૂણે મોકલવામાં આવ્યો છે. કોઈ ગભરાવવાની જરૂરત નથી,ગુજરાતમાં ઈબોલાનો એક પણ કેસ નોંધાયો નથી.

દર્દીના સંપર્કમાં આવેલા ત્રણ લોકોને અમદાવાદની SVP હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યારે અન્ય 11 વ્યક્તિઓને હોમ આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે. આરોગ્ય વિભાગ દ્વારા સંપર્ક ટ્રેસિંગની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે અને વડોદરા મહાનગરપાલિકા (VMC) સાથે સંકલન કરીને દેખરેખ વધારવામાં આવી છે.પ્રાથમિક માહિતી મુજબ ડૉ. સુનિલ મુસાના સહિતના કેટલાક વ્યાવસાયિક સંપર્કોમાં પણ તાવના લક્ષણોની માહિતી સામે આવી છે. ઉપરાંત

...અનુસંધાન પાના 9 પર

ઉમરગામના પાલી કરમબેલીમાં કાળજુ કંપાવી નાખે તેવી ઘટના

# અફેરમાં પતિના ઠપકાથી ત્રણ બાળકોની હત્યા બાદ માતાનો આપઘાતનો પ્રયાસ

**પત્નીનું** અન્ય યુવક સાથે અફેર હોવાની ખબર પતિને પડી ગઈ હતી, પતિ અને પરિવારે પત્નીને ખખડાવી હતી

**માતા** સ્ટીલનો ગ્લાસ લઇને આંટાફેરા મારતી હતી અને બાળકોને ગળે લગાવી રડતી હતી

ઉમરગામ: ઉમરગામ તાલુકાના પાલી કરમબેલીમાં કાળજુ કંપાવી નાખે તેવી ઘટના બનવા પામી છે. ફૂલ જેવાં ત્રણ બાળકોને મોતને ઘાટ ઉતારી જનેતાએ આપઘાતનો પ્રયાસ કરતા અરેરાટી મચી ગઈ હતી. સમગ્ર બનાવને લઈને પરિવારજનોમાં તથા ગામમાં શોકની લાગણી પ્રસરી હતી. પત્નીનું અન્ય યુવક સાથે અફેર હોય પતિ અને તેના પરિવારને ખબર પડતા ઠપકો આપતા બાળકોને મોતને ઘાટ ઉતારી પોતે પણ આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો.

બુધવારે સવારે સાડા સાતેક વાગ્યે સરીગામ પોલીસને જાણ થઈ હતી કે પાલી કરમબેલી રાયની ચાર રસ્તા ભીંગાડી ફળિયામાં રહેતા સંજયભાઈ મહેશભાઈ હળપતિના ઘરે તેમનાં ત્રણ બાળકો પલંગ પર મૃત હાલતમાં છે અને તેની પત્નીએ ફિનાઈલ પીને આપઘાત કરવાનો પ્રયાસ કર્યો છે. પીઆઇ બી. આર. બેરા સ્ટાફ સાથે ઘટના સ્થળે પહોંચી ગયા હતા. બનાવ અંગે પરિવારને પૂછતા સંજયભાઈએ જણાવ્યું

...અનુસંધાન પાના 9 પર





ઉમેશ સોલંકી

### પતિએ બાળક મૂકીને જતા રહેવાનું કહેતાં ગુસ્સો આવ્યો હતો : માતા

સિવિલ હોસ્પિટલ ખાતે જ પતિ અને તેમના સગા-સંબંધીઓએ નિશાને કડકાઈથી પૂછપરછ કરતા તેણે રડતા-રડતા પાપી કૃત્યની કબૂલાત કરી લીધી હતી. નિશાએ સ્વીકાર્યું કે, રાત્રે પતિ સાથે અફેર બાબતે ઝઘડો થયો હતો અને પતિએ બાળકો મૂકીને જવાનું કહેતા તેને અદાવત અને ગુસ્સો આવ્યો હતો. તેને અન્ય પુરુષ સાથેના પ્રેમજીવનમાં આ બાળકો નડતરરૂપ ન બને તે માટે તેણે રાત્રિના સમયે ત્રણેય બાળકોને કોઈ ઝેરી દવા/પદાર્થ ખવડાવીને મોતને ઘાટ ઉતારી દીધા હતા. આ હૃદયદ્રાવક ઘટના અંગે ફરિયાદી પતિની ફરિયાદના આધારે પોલીસે આરોપી પત્ની આશાબેન વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ની સંબંધિત કલમો હેઠળ હત્યાનો ગુનો નોંધી કાયદેસરની ધરપકડની કાર્યવાહી હાથ ધરી છે.

### રાત્રે 12 વગ્યા સુધી તો અમે ઓસરીમાં હતાં : બાળકોના નાની

હાલતો આપાઘાતનો પ્રયાસ કરનાર મહિલાના સાસુએ જણાવેલી વિગત મુજબ વાત કરીએ તો તેમણે કહ્યું કે, એ મારા છોકરાની વહુ છે, તે તેના મમ્મીના ઘરે રહેતી હતી. પતિ સાથે ઝગડો થયા બાદ રીસમાં આવીને મારા દીકરાની વહુએ તેના ત્રણેય છોકરાઓને શું ખવડાવી દીધું કંઈ ખબર ન પડી...એ તો અમે સવારે, જાગ્યા ત્યારે ખબર પડી, રાતના તો અમને શું ખબર પડે? બાર વાગ્યા લગીન તો અમે ઓસરીમાં હતા. પછી અમે અને એ લોકો સુઈ ગયા, અમારા રૂમમાં અને દરવાજો બંધ અને પંખા ચાલુ એટલે કંઈ સંભળાયું નહીં. સવારે મારો છોકરો ઉઠ્યો પણ, છોકરા ઉઠ્યા નહીં...અને પેલી ઉઠીને બહાર ફર્યા તેણે શું કર્યું... શું પીવડાવેલું, કઈ રીતે માર્યા, એ અમને જરાય નથી ખબર એમ,મારા છોકરાને પણ ખબર નથી

‘નો રિપિટેશન’ની પ્રબળ સંભાવનાઓ સાથે

# સુરત શહેરને આજે 39મા મેયર, 44મા ડે.મેયર, 52મા સ્થાયી ચેરમેન મળશે

**કોર્પોરેટરોએ** છેક પ્રદેશ પ્રમુખ અને સીએમ સુધી લોબિંગ કર્યું હતું

**આજે** સવારે મેન્ડેટ દ્વારા નામો જાહેર કરાશે અને બાદમાં મનપાની સામાન્ય સભામાં વરણીઓ થશે

સુરત : ‘નો રિપિટેશન’ની પ્રબળ સંભાવના વચ્ચે આવતીકાલે ચૂંટણીના પરિણામો જાહેર થયાના આશરે એક માસ બાદ ગુરૂવારે બકરી ઈદના દિવસે જ સુરતને 39માં મેયર, 44માં ડેપ્યુટી મેયર અને 52માં સ્થાયી સમિતી ચેરમેન મળશે. આવતીકાલે નવા ચૂંટાયેલા કોર્પોરેટરોની પ્રથમ સામાન્ય સભામાં સુરત મહાપાલિકાના

...અનુસંધાન પાના 9 પર

### વિપક્ષના સભ્યોને પાછલી પાટલી પર સ્થાન અપાયું

સુરત મનપાની સામાન્ય સભામાં આ વખતે કુલ 120 સભ્યો પૈકી ભાજપના 115 સભ્યો ચુંટાઇ આવ્યા છે. આપ કે કોંગ્રેસ વિપક્ષી નેતા પદ પણ મેળવી શકે

...અનુસંધાન પાના 9 પર

ચાર પદાધિકારીમાં સત્તાનું સંતુલન જાળવવા માટે ભાજપને પરસેવો પડી ગયો

# મેયરમાં સૌરાષ્ટ્રવાસી મહિલા, સ્થાયી સુરતીને હવાલેની ચર્ચા

**મેયર** તરીકે માયા માવાણી અને સ્થાયી સમિતિ ચેરમેન તરીકે સંજય દલાલની ભારે ચર્ચા

**ડેપ્યુટી** મેયર અને શાસક પક્ષના નેતા માટે પરપ્રાંતિયોમાં ઉત્તર ભારતીય, રાજસ્થાની અને મહારાષ્ટ્રીય વચ્ચે સ્પર્ધા

સુરત : સુરત મહાપાલિકામાં મેયરપદે કોણ? સૌરાષ્ટ્રવાસી કે પછી મૂળ સુરતી? આમ તો ચાલતી ચર્ચા પ્રમાણે મેયર તરીકે સૌરાષ્ટ્રવાસી મહિલા માયા માવાણી અને સ્થાયી સમિતી ચેરમેન તરીકે મૂળ સુરતી સંજય દલાલને પસંદ કરવામાં આવશે પરંતુ ભાજપમાં છેલ્લી ઘડીએ કંઈપણ બદલાઈ શકે છે. કારણ કે આ વખતે ભાજપમાં પોતાના માણસને ગોઠવવાને બદલે સામાવાળા જુથના માણસને કાપવા માટે ખૂબ મહેનત કરવામાં આવી

...અનુસંધાન પાના 9 પર

### કયા પદ માટે કયાં નામો ચર્ચાઇ રહ્યાં છે?

**મેયરઃ** માયા માવાણી, ઉર્વશી પટેલ, કાવ્યા પટેલ, પ્રતિભા દેસાઇ, નેન્સી શાહ, વૈશાલી શાહ

**સ્થાયી સમિતિ ચેરમેનઃ** સંજય દલાલ, રાજન પટેલ, વ્રજેશ ઉનડકટ, દક્ષેશ માવાણી, ધર્મેશ ભાલાળા

**ડે.મેયર અને શાસક પક્ષના નેતાઃ** દિનેશ રાજપુરોહીત, અમિતસિંહ રાજપૂત, ધર્મેશ ભાલાળા, મનીષા આહીર, રશ્મી સાબુ

# વાપીના ડ્રગ માફિયાઓનું આતંકવાદી કનેક્શન હોવાની આશંકા

**કુંતામાં** ભંગારના ગાડાઉનમાંથી મળેલા ડ્રગ્સના કેસમાં ત્રીજો આરોપી ઝડપાયો

**કોર્ટે** ત્રણેયના 10 દિવસનાં રિમાન્ડ મંજૂર કર્યાં

વાપીઃ વાપીના કુંતામાં મંગળવારે એટીએસ અને વાપી એસઓજીની ટીમે સંયુક્ત ઓપરેશનમાં ત્રણ આરોપીને ઝડપી પાડી એમડી ડ્રગ્સ બનાવતી ફેક્ટરનો પર્દાફાશ કર્યો હતો. પોલીસે કોર્ટમાં ત્રણે આરોપીને રજૂ કરીને ૧૪ દિવસના રિમાન્ડ માગ્યા હતા. કોર્ટે ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. કોર્ટ સમક્ષ રિમાન્ડ લેવા પોલીસે જે કારણો રજૂ કર્યા હતા તેમાં એક કારણ એવું પણ હતું કે એમડી ડ્રગ્સ સાથે ઝડપાયેલા ત્રણે આરોપીના કનેકશન કોઈ આતંકવાદી સંગઠન કે આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ માફિયાઓ સાથે છે કે કેમ ? તેની તપાસ કરવા માટે આરોપીને પોલીસ કસ્ટડીમાં રાખી તપાસ કરવી આવશ્યક છે.

વાપીના કુંતામાં ડુંગરી ફળિયા વિસ્તારના સર્વે નંબર ૮૯૮, ઘર નંબર ૨૦૩૬ પર ‘એ.કે. સ્ટીલ સપ્લાયર’ નામના ભંગારના ગોડાઉનની ઓફિસમાં મંગળવારે ગુજરાત એટીએસ તેમજ એસઓજીની ટીમે

...અનુસંધાન પાના 9 પર

### ડ્રગ્સના ઉત્પાદનમાં આર્થિક મદદ મળી છે કે કેમ ?

ડ્રગ્સ બનાવવા માટે વાપરેલું રો-મટીરીયલ તેમજ તેના માટેનાં સાધનો આરોપીઓએ ક્યાં સંતાડ્યા છે અને આ કેમિકલ્સ તથા સાધનો તેમણે કોની પાસેથી ખરીદ્યા હતા, તે દિશામાં તપાસ

...અનુસંધાન પાના 9 પર

### યુવા વર્ગને ડ્રગ્સના બંધાણી થતા રોકવા જરૂરી

પોલીસે કોર્ટ સમક્ષ આરોપીના રિમાન્ડ મેળવવા યુવા વર્ગને નશાના બંધાણી થતા રોકવા જરૂરી હોવાનું ભારપૂર્વક જણાવ્યું હતું. નાર્કોટિક્સ ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સનું ગેરકાયદેસર વેચાણ ભારતના

...અનુસંધાન પાના 9 પર




સ્વ. હરેશભાઈ ઠાકોરભાઈ પટેલ
સ્વ. તા. ૨૫/૦૫/૨૦૨૬

॥ હાર્દિક શ્રધ્ધાંજલિ ॥
પ્રકૃતિનાં ક્રમ ને બદલી શકાતો નથી,
દેહ નાશ પામે છે,
પણ આત્મા નાશ પામતો નથી.
આપ આત્મા સ્વરૂપે જયાં હો ત્યાં
પરમ સુખ અને શાશ્વત શાંતિ પામો
એવી અમારી હાર્દિક શ્રધ્ધાંજલિ.
લિ.
સંદિપ ભોગીલાલ પટેલ
કેતન મોહનભાઈ પટેલ
ભાવિન ઘનશ્યામભાઈ સ્વામી

::ભાવભીની શ્રધ્ધાંજલિ::




સ્વ. મંજુલાબેન વસંતભાઈ પટેલ
સ્વ. તા. ૨૪/૦૫/૨૦૨૬
સુખથી કદી છલકાયા નહીં, દુઃખથી કદી ડગ્યા નહીં,
વહેવાર કદી ચૂકયા નહીં, જીંદગીનો સમય ઓછો હશે
કયાં ખબર હતી, વિદાય તમારી અણધારી હશે કયાં ખબર હતી.
પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને ચીર શાંતિ આપે એજ પ્રાર્થના.
લિ.
સ્વ. છીમકાભાઈ છગનભાઈ પટેલ (મામા) ગં.સ્વ. રમણબેન છીમકાભાઈ પટેલ (મામી)
સુરેશભાઈ છગનભાઈ પટેલ (મામા) ભારતીબેન સુરેશભાઈ છગનભાઈ પટેલ (મામી)
હર્ષદભાઈ છીમકાભાઈ પટેલ છાયાબેન હર્ષદભાઈ પટેલ
સંજયભાઈ છીમકાભાઈ પટેલ કામિનીબેન સંજયભાઈ પટેલ




વ્હાલા ડેડીને
છઠ્ઠી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ
સ્વ. સંદીપ
નવીનભાઈ પટેલ
જન્મ તા. ૧૬.૧૨.૧૯૮૮
સ્વ. તા. ૨૮.૦૫.૨૦૨૦
◆ હમારા વ્હાલા પપ્પા ◆ તમો હમો બધાને છોડીને અચાનક ચાલી ગયા ◆ હમો તમોને ભુલી શકતા નથી. ◆ દાદા-દાદી હમોને ખુબ જ પ્રેમ કરે છે અને હમારી ખુબ જ દેખરેખ રાખે છે ◆ હમારી સાર-સંભાળ રાખે છે. ◆ હમોને સારામા સારૂ શિક્ષણ અપાવે છે. ◆ હમારી મમ્મી હમોને કહ્યા વિના તથા હમારી ચિંતારાખ્યા વિના, હમારો કોઈપણ જાતના કારણ વિના ત્યાગ કરેલ છે. ◆ મમ્મીને કારણે હમારે પોલીસ સ્ટેશન તથા કોર્ટમાં જવુ પડેલ છે. ◆ દાદા-દાદી હમોને એટલો પ્રેમ આપે છે કે, હમારે તેમની સાથે રહીને મોટા થવું છે. ◆ અને તમારા આશીર્વાદથી હમારે સારામાં સારૂ શિક્ષણ લઈશું. ◆ તમે જ્યાં હશો ત્યાંથી હમોને આશીર્વાદ આપશો. ◆ હમો દરરોજ તમારા ફોટાના દર્શન કરી અભ્યાસ માટે જઈએ છીએ. ◆ હમોને એવી લાગણી થાય છે કે, તમો ફોટામાંથી હમોને હંમેશા આશીર્વાદ આપી રહ્યાં છો.
લિ.
નવીનભાઈ છીમકાભાઈ પટેલ (પપ્પા) | ઉર્મિલાબેન નવીનભાઈ પટેલ (મમ્મી)
જીયાન સંદીપ પટેલ (પુત્ર) | સાનવી સંદીપ પટેલ (પુત્રી)
વિશાખાબેન પ્રવિણભાઈ પટેલ (બેન) | સોનલબેન વિનયભાઈ પટેલ (બેન)
રિષી પી. પટેલ (ભાણેજ) | દિશા પી. પટેલ (ભાણી)
ભવ્ય વી. પટેલ (ભાણેજ) | યશ્વી વી. પટેલ (ભાણી)
તથા સમસ્ત પરિવાર વેસુ ગામ, કુંભાર ફળીયુ,
હું નથી પણ મારી યાદો તાજી છે. સંદીપ મંડપ ડેકોરેટર્સ – વેસુ.

સુરત વીશાલાડ વણિક અવસાન – પ્રાર્થનાસભા



સ્વ.ઈશ્વરલાલ બાબુભાઈ રેશમવાળા
સ્વ.તા.૨૭/૦૫/૨૦૨૬
અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી
ઈશ્વરલાલ બાબુભાઈ રેશમવાળા
નું તા.૨૭/૦૫/૨૦૨૬, બુધવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
સદ્‌ગતના આત્માને પ્રભુ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
:: સદ્‌ગતની પ્રાર્થનાસભા ::
તા.૨૮/૦૫/૨૦૨૬, ગુરૂવારે સાંજે ૫ થી ૭ કલાકે રાખેલ છે.
:: પ્રાર્થનાસભા સ્થળ ::
BPAH પાંજરાપોળ, ઘોડદોડ રોડ, સુરત.
લિ.
અનિશ ઈશ્વરલાલ રેશમવાળા (પુત્ર)
ડૉ.પ્રીતિ અનિશ રેશમવાળા (પુત્રવધુ)
શ્રીમતી અવનીબેન (પુત્રી) શ્રી નિખિલભાઈ (જમાઈ)
આયુષી, પ્રિયાંશી, સોહમ, નિશા, ગુનીવ, નીલ
સમગ્ર રેશમવાળા પરિવાર
મે.ભારત હાર્ડવેર એન્ડ પેઈન્ટ સેન્ટર

॥ હાર્દિક શ્રદ્ધાંજલિ ॥



સ્વ. પ્રદીપભાઈ છોટુભાઈ પટેલ
જ.તા. ૨૧/૦૧/૧૯૬૫ સ્વ. તા. ૨૪/૦૫/૨૦૨૬
“આપનો અપાર સ્નેહ, સુમેળભર્યો વ્યવહાર, કૌટુંબિક અને ધર્મ પ્રત્યેની અતૂટ ભાવના, પરોપકારી સ્વભાવ, ભકિતની સુવાસ કયારેય ભૂલાશે નહીં, આપના હસતા અને કરૂણા સભર ચહેરાને અમો કયારેય વિસરી શકીએ તેમ નથી.” પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ અમારા સૌની પ્રાર્થના.
લિ.
સ્વ. નાનુભાઈ ધનજીભાઈ પટેલ ગં.સ્વ. સવિતાબેન નાનુભાઈ પટેલ
નિકુંજ નાનુભાઈ પટેલ વંદના નિકુંજભાઈ પટેલ
ધર્મેશ નાનુભાઈ પટેલ ખુશ્બુ ધર્મેશભાઈ પટેલ
મયુરી પારસ રંગરેજ સપના કૌશલ પટેલ
દેવાંશ, ધ્વીતી, ધ્રુવિન, સ્વ. જૈવિન, ઝીવા, દૈવિક, માહિરા, દ્રિસાના, તક્ષ્વી, અંશ, તથા સમસ્ત પટેલ પરિવાર
સપના ફાર્મ, અલથાણ

પ્રથમ પૂણ્યતિથિએ હાર્દિક શ્રધ્ધાંજલિ



સ્વ. કૈલાસબેન રતિલાલ બાટલાવાલા
સ્વ.તા.: ૨૮/૦૫/૨૦૨૫
જન્મોજન્મ મળો તમો અંતઃકરણની એ અભિલાષા,
તમારા દિવ્ય આત્માને પ્રભુ દિવ્ય શાંતિ આપે તેવી પ્રાર્થના...
લિ. ધર્મેન્દ્ર રતિલાલ બાટલાવાલા – શૈલેષ રતિલાલ બટલાવાલા




રાજપૂત અવસાન બેસણું
સ્વ. હરેન્દ્રસિંહ પ્રતાપસિંહ માંગરોલા
(CHICAGO - U.S.A.)
અવતરણ તા. ૨૪-૦૬-૧૯૬૩
સ્વર્ગસ્થ તા. ૨૩-૦૫-૨૦૨૬
સખેદ જણાવવાનું કે અમારા સૌના લાડલા
હરેન્દ્રસિંહ પ્રતાપસિંહ માંગરોલા
તા. ૨૩-૦૫-૨૦૨૬ ને શનિવારના રોજ દેવલોક પામ્યા છે.
સદ્‌ગતનું બેસણું : તા. ૨૯-૦૫-૨૦૨૬ને શુક્રવારના રોજ બપોરે ૩.૦૦ થી ૬.૦૦ ના સમયગાળા દરમ્યાન નીચેના સ્થળે રાખવામાં આવેલ છે
સ્થળ : આત્મીય સંસ્કારધામ, શ્રી હરી પેટ્રોલ પંપની પાછળ, જે.પી. કોલેજની સામે, ભરૂચ. (મો. ૯૮૭૯૧ ૨૯૭૯૯)
લિ.
કિશોરસિંહ પ્રતાપસિંહ માંગરોલા | જયપાલસિંહ જોરાવરસિંહ માંગરોલા
પાર્થ હરેન્દ્રસિંહ માંગરોલા | પરાક્રમસિંહ જોરાવરસિંહ માંગરોલા
વિરપાલસિંહ કિશોરસિંહ માંગરોલા | કમલજીતસિંહ જશવંતસિંહ માંગરોલા
દેવેન્દ્રસિંહ જશવંતસિંહ માંગરોલા | મહેન્દ્રસિંહ ગેમલસિંહ માંગરોલા
હિનાબેન મહેન્દ્રસિંહ કઠવાડીયા | કૃપા હરેન્દ્રસિંહ માંગરોલા

॥ હાર્દિક શ્રદ્ધાંજલિ ॥



સ્વ. પ્રદીપભાઈ છોટુભાઈ પટેલ
જ.તા. ૨૧/૦૧/૧૯૬૫ સ્વ. તા. ૨૪/૦૫/૨૦૨૬
પપ્પા, ધીરે, ધીરે તમે તો સઘળું આપી દીધું, પપ્પા છો કે જાદુગર, માંગુ એ હાજર કીધું, એવી નજર કયાંથી લાવવી કે તમને યાદ કરીએ ને દર્શન થઈ જાય. હજુ જરૂર હતી તમારી અમને ત્યાં કુદરત લઈ ગઈ તાણી. હે કુદરત એ અમાનત અમારી છે, રાખજે તું એમને સંભાળીને. તમારા માટે એ આત્મા હશે પણ એ જ અમારૂં સર્વસ્વ હતા. સ્નેહના સાગર સમા હરકોઈને પોતાના ગણી પોતાના પ્રેમાળ હૈયાથી ઓળખનારા મુખ પર મધુર સ્મિત, હૃદયથી ભોળા, સૌમ્ય સ્વભાવવાળા અમારા પપ્પાની દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એ જ પ્રાર્થના...
લિ. ગં.સ્વ. ભાવનાબેન પ્રદીપભાઈ પટેલ
બિપીનભાઈ છોટુભાઈ પટેલ એકતા દેવાંગ પટેલ
યોગેશભાઈ છોટુભાઈ પટેલ ખુશ્બુ ધર્મેશ પટેલ
વિપુલભાઈ છોટુભાઈ પટેલ દેવાંગ હરીશભાઈ પટેલ
ધર્મેશ નાનુભાઈ પટેલ
મિરાયા, ઝીવા, તક્ષ્વી, અંશ તથા પટેલ પરિવાર
‘‘ભાનુ નિવાસ’’, અલથાણ, સુરત.

॥ ભાવભીની શ્રદ્ધાંજલિ ॥



સ્વ. પ્રદીપભાઈ છોટુભાઈ પટેલ
જ.તા. ૨૧/૦૧/૧૯૬૫ સ્વ. તા. ૨૪/૦૫/૨૦૨૬
જીવનમાં હરપળ હસતા રહ્યા, સ્નેહથી સૌના હૈયામાં વસતા રહ્યા, આપની વિરાટ ભકિતભાવની છબી અમારા હૃદયમાં અકબંધ રહેશે. સમય તો સતત વીતતો રહેશે, પણ આપની મીઠી યાદો સદાયે અમારી સાથે રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...
લિ.
હરીશભાઈ નગીનભાઈ પટેલ તારાબેન હરીશભાઈ પટેલ
દેવાંગ હરીશભાઈ પટેલ એકતા દેવાંગ પટેલ
મેહુલ ચંપકભાઈ પટેલ ફાલ્ગુની મેહુલ પટેલ
સુજલ સતીષભાઈ પટેલ વિભૂતિ સુજલ પટેલ
આર્ય, અનાયા, અલાયઝા, અલીશ્કા, મિરાયા
તથા સમસ્ત પટેલ પરિવાર
ભરથાણા, સુરત.



શ્રધ્ધાંજલિ
સ્વ.પ્રદીપભાઈ છોટુભાઈ પટેલ
જન્મ તા.૨૧/૦૧/૧૯૬૫
સ્વ.તા. ૨૪/૦૫/૨૦૨૬
હે પ્રભુ તેમની આત્માનું પરમાત્મા સાથેનું મિલન મંગલમય બનાવે અને તેમની દિવંગત આત્માને સદ્‌ગતિની દિવ્યતા પ્રાપ્ત થાય તેવી પ્રભુને દિવ્ય પ્રાર્થના અને તેમના પરિવારજનો ને આ દુઃખ સહન કરવાની શકિત મળે એવી હૃદયપૂર્વક ની પ્રાર્થના.
ઓમ શાંતિ
લિ.
પંકજભાઈ નટવરભાઈ પટેલ કાશ્મીરાબેન પંકજભાઈ પટેલ
સુનિલભાઈ નટવરભાઈ પટેલ રેખાબેન સુનિલભાઈ પટેલ
નીતિનભાઈ નટવરભાઈ પટેલ હીનાબેન નીતિનભાઈ પટેલ
વિક્રમ પંકજભાઈ પટેલ દિવ્યા વિક્રમભાઈ પટેલ
આશિષ પંકજભાઈ પટેલ ચૈતાલી આશિષભાઈ પટેલ
ચિરાગ નીતિનભાઈ પટેલ ઉર્વી ચિરાગભાઈ પટેલ
નિકેત સુનિલભાઈ પટેલ નેન્સી નિકેત પટેલ
હિરલ અનુપ ભગત હેમાલી ધવલ પટેલ
તથા સમસ્ત પટેલ પરિવાર – અલથાણ